કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૩ | ૧ ઓગસ્ટ, ૨૦૨૦, શનિવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૫૩ |
| અમદાવાદ | ૧૭૬ |
| ગાંધીનગર | ૪૨ |

# દેશમાં કોરોના વકર્યો : નવા ૫૫૦૭૯ કેસ

**એક દિવસમાં સૌથી વધુ કેસ મામલે ભારત અમેરિકાને ઓવરટેક કરવાની તૈયારીમાં : કુલ કેસો વધીને ૧૬.૩૯ લાખ પર પહોંચ્યા : ૨૪ કલાકમાં ૭૭૯ના મોત : મૃત્યુઆંક ૩૫ હજારને પાર : એક જ દિવસમાં ૬,૪૨,૫૮૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયુ, અત્યાર સુધી દેશમાં કુલ ૧,૮૮,૩૨,૯૭૦ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા : આજથી અનલોક-૩થીની શરૂઆત, વધુ છૂટછાટ મળતા કેસો વધવાની શક્યતા**



ન્યુ દિલ્હી,તા.૩૧

સમગ્ર દેશમાં અનલોક-૨ના છેલ્લાં દિવસ ૩૧ જુલાઈના એક દિવસ પહેલાં ૩૦મીએ અગાઉના તમામ રેકોર્ડને એક બાજુએ મૂકીને પહેલી વખત ૨૪ કલાકમાં સૌથી વધુ ૫૫,૦૭૮ કેસ સામે આવતાં હલચલ મચી ગઈ છે. સૌથી વધુ કેસ મહારાશ્ટ્રમાં ૧૧ હજાર કરતાં વધારે અને બીજા નંબરે આંધ્રમાં પણ ૧૦ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. આજે શુક્રવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરાયા ત્યારે વધુ ૭૭૯ના મોત પણ નોંધાયા હતા. છેલ્લાં કેટલાક દિવસથી ૭૦૦ કરતાં વધુ લોકો કોરોનાને લીધે મૃત્યુ પામી રહ્યાં હોવાનું નોંધાઈ રહ્યું છે.૧ ઓગસ્ટથી અનલોક-૩નો અમલ શરૂ થઈ રહ્યો છે ત્યારે કેસો વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. જો કે રાહત સમાન આ જ સમયગાળામાં વધુ ૩૭,૨૨૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સાજા થયા છે. તે સાથે જ કુલ કેસોનની સંક્યા ૧૬,૩૯,૩૫૦

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં સૌથી પહેલા કોરોના વેક્સીન હેલ્થ વર્કર્સને આપવા વિચારણા

**સરકાર પોલીસી તૈયાર કરી રહી છે : ઘણી રસીનું ટ્રાયલ પણ શરૂ થઈ ગયું છે જેમાંથી પરીણામ સારા મળ્યા**

નવી દિલ્હી, તા.૩૧

હાલમાં કોરોના વાયરસની રસી પર કામ ચાલી રહ્યું છે અને ઘણી રસીનું હ્યુમન ટ્રાયલ પણ શરૂ થઈ ગયું છે જેમાંથી કેટલાકના પરીણામો ઘણા હકારાત્મક મળ્યા છે. જેને લઈને હવે કોરોનાની રસી તૈયાર થઈ જશે તો ભારતમાં સૌથી પહેલા આ રસી કોને આપવામાં આવશે તે અંગેની ચર્ચા શરૂ થઈ ગઈ છે. દેશમાં કોરોનાની રસી કયા લોકોને આપવી તેની ઓળખ કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. કોવિડ-૧૯ રોગચાળા વિરુદ્ધ સાયન્સ એન્ડ એથિક્સ ઓફ વેક્સીનમાં નોવલ આઈડિયા અંગે બોલતા હેલ્થ અને ફેમિલિ વેલફેર મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (ઓએસડી) રાજેશ ભુષણે જણાવ્યું હતું કે હાલમાં સરકારની અંદર અને સરકારની બહાર કયા લોકોને પહેલા રસી આપવી તેની ચર્ચા ચાલી રહી છે. રાજેશ ભુષણે જણાવ્યું હતું કે અત્યારે સર્વસંમતિ બની છે કે કોરોના સામેની લડાઈમાં ફ્રન્ટલાઈન કામ કરતા લોકોને પ્રથમ વેક્સીન મળવી જોઈએ. પરંતુ આને લઈને હજી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી કેમ કે પ્રશ્ન એ છે કે જો ફ્રન્ટલાઈન હેલ્થકેર વર્કર્સને પ્રથમ કોરોના વેક્સીન આપવામાં આવે તો ત્યારબાદ કયા લોકોને આ વેક્સીન આપવામાં આવશે.




● અનુસંધાન પાન-૭ પર

## એલઆઈસીની એનપીએમાં ૨ ટકાનો વધારો

**બેંકો બાદ એલઆઈસીની એનપીએ ૩૬૬૯૪ કરોડને પાર : ૨૦૧૯-૨૦માં એનપીએમાં ૮.૧૭ ટકાનો વધારો, એક વર્ષ પહેલાં ૬.૧૫ ટકા હતો**

ન્યુ દિલ્હી,તા.૩૧

બેંકો બાદ સરકારી ક્ષેત્રની વીમા કંપની ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી)ની એનપીએમાં પણ જંગી વધારો થયો છે. ૨૦૧૯-૨૦માં એનપીએ ૮.૧૭ ટકાનો વધારો થયો છે. એક વર્ષ પહેલા આ આંકડો ૬.૧૫ ટકા હતો. સ્પષ્ટ છે કે માત્ર એક જ વર્ષમાં એલઆઈસીની એનપીએમાં ૨ ટકાનો વધારો નોંધાયો છે.

એલઆઈસીની કુલ સંપત્તિ ૩૧.૯૬ લાખ કરોડની થઈ ગઈ છે જેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯ની તુલનામાં સામાન્ય વધારો થયો છે. ગયા વર્ષે એલઆઈસીની સંપત્તિ ૩૧.૧ લાખ કરોડ રૂપિયા હતી.

એલઆઈસીના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું છે કે, અર્થવ્યવસ્થામાં જે સ્થિતિ પેદા થઈ છે એનપીએ તેનો જ પરિણામ છે.

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૭૫૮૭૦૯૨ | ૬૭૮૯૧૧ | ૧૪૨૦૧૩૪૯ |
| ભારત | ૧૬૯૦૫૪૬ | ૩૬૪૯૭ | ૧૦૯૧૦૧૨ |
| ગુજરાત | ૬૧૪૩૮ | ૨૪૪૧ | ૪૪૯૦૭ |
| ગાંધીનગર | ૧૬૦૧ | ૯૨ | ૧૦૮૪ |

## આંધ્રપ્રદેશમાં સેનેટાઈઝર પી જતાં નવનાં મોત

પ્રકાસમ, તા. ૩૧

આંધ્રપ્રદેશમાં દારૂની જગ્યાએ કથિત રીતે સેનેટાઈઝર પીવાથી નવ લોકોના મોત થયાં છે. રાજ્યના પ્રકાસમ જિલ્લામાં આ ઘટના સામે આવી છે. દારૂની જગ્યાએ સેનેટાઈઝ પીવાંથી ત્રણ ભીખારી, ત્રણ રિક્ષા ચાલક અને ત્રણ મજુરોએ દારુની જગ્યાએ સેનેટાઈઝરનું સેવન કર્યુ હતું. એકનું સારવાર દરમિયાન મોત થયું જ્યારે અન્યનું ઊંઘમાં જ મોત થયું હતું. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. જિલ્લાના પોલીસવડાએ કુરીચેડૂની મુલાકાત કરી હતી. તેમણે કહ્યું કે, મૃતક છેલ્લા કેટલાંય સમયથી પાણી અને કોલ્ડ્રીંક્સ સાથે સેનેટાઈઝરનું સેવન કરી રહ્યા હતાં.

## ગેહલોત જૂથના ધારાસભ્યો જેસલમેર જવા રવાના થયા

**૧૫ દિવસ સુધી જેસલમેરમાં જ રોકાશે : હોર્સ ટ્રેડિંગનું જોખમ વધતાં જયપુરથી શિફ્ટ કરી દેવાયા**

જયપુર, તા. ૩૧

રાજસ્થાનના રાજકીય નાટકમાં શુક્રવારે વધુ એક એપિસોડ ઉમેરાયો છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત જૂથના ધારાસભ્યો જયપુરની જેસલમેર જવા પ્લેનમાં રવાના થઈ ગયા છે. તેઓ ૧૯ દિવસથી જયપુરની હોટલમાં રોકાયા હતા. વિધાનસભા સત્ર શરૂ થાય ત્યાં સુધી તેઓ અહીં જ રહેશે. રાજ્યપાલ કલરાજ મિશ્રાએ ૧૪ ઓગસ્ટે વિધાનસભા સત્ર બોલાવ્યું છે. ગેહલોતે આરોપ મૂક્યો હતો કે ધારાસભ્યોની ખરીદીના ભાવ વધારી દેવાતાં તેમણે આ પગલું ભરવું પડ્યું છે. ગેહલોતે બળવાખોરો પર પ્રહાર કરતાં કહ્યું કે જે લોકો ગયા છે તેમાંથી ખબર નહીં કેટલા લોકોએ પહેલો હપ્તો લઈ લીધો છે. ઘણાએ પહેલો હપ્તો હજુ લીધો નથી. તેમને પાછા આવી જવું જોઈએ. જે રાતથી વિધાનસભા સત્રની તારીખ નક્કી થઈ તે રાતથી ધારાસભ્યોના ફોન આવવા લાગ્યા છે.

હોર્સ ટ્રેડિંગ માટે ધારાસભ્યોના રેટ વધી ગયા છે. પહેલા ૧૦, ૧૫ અને ૨૫ કરોડ કિંમત હતી, હવે અનલિમિટેડ છે. અમિત શાહે સરકાર પાડવાનો ઈરાદો છોડી દેવો જોઈએ. દરમિયાન, રાજસ્થાન ભાજપ પ્રમુખ સતીશ પૂનિયાએ ટ્વિટ કરીને કહ્યું કે જો કોંગ્રેસ સરકારને કોઈ ખતરો નથી તો ધારાસભ્યોને શા માટે કેદ કરવામાં આવી રહ્યા છે?

## કુવૈતે ભારતીય નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો

**હજારો લોકોની નોકરીઓ જતી રહેશે જે ભારતથી જઈને ત્યાં મહામારીને કારણે ફસાઈ ગયા છે**

નવીદિલ્હી, તા.૩૧

કુવૈતએ કડક પગલાં ભરતાં હાલ દેશમાં ભારતીય નાગરિકો પર પ્રતિબંધ મૂકી દીધો છે. ગુરુવારે કુવૈત સરકારે જાહેરાત કરી કે ૧ ઓગસ્ટથી ભારત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, ઈરાન અને ફિલિપાઈન્સથી આવનારાને બાદ કરતાં અન્ય દેશોમાં રહેનારા કુવૈત નાગરિક અને પ્રવાસી અવર-જવર કરી શકે છે. કુવૈતે જાહેરાત કરી છે કે ૧ ઓગસ્ટથી સાડા ત્રણ મહિનાથી બંધ આંતરરાષ્ટ્રીય પ્લેન સેવાઓમાં પણ શરૂ કરી દેવામાં આવશે. ભારતીય વિદેશ મંત્રાલયને ભારતીય નાગરિકો પર મૂકવામાં આવેલી પાબંધીની જાણકારી છે અને તેઓ આ મામલે પ્રશાસનિક સ્તરે ઉકેલ શોધવાનો પ્રયાસો કરી રહ્યા છે. 'અરબ ન્યૂઝહ્નના રિપોર્ટ મુજબ, ઈન્ડિયા કમ્યૂનિટી સપોર્ટ ગ્રુપના અધ્યક્ષ રાજપાલ ત્યાગીએ જણાવ્યું કે આ નિર્ણયથી તે હજારો લોકોની નોકરીઓલ જતી રહેશે જે ભારત જઈને ત્યાં મહામારીને કારણે ફસાઈ ગયા છે. આવા અસંખ્ય પરિવાર છે જેમના કેટલાક સભ્યો કુવૈતમાં રહી ગયા છે.




